## જન્મદિને વધામણી



**દીપકભાઈ ભટ્ટ**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૭૧૨૯ ૮૫૨૯૯



**ડો. વિષ્ણુભાઈ પટેલ**
ગાયનેકોલોજીસ્ટ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૧૯૮૩૮૧



**લીલાવતી ચિત્રસેન શાહ**
ફોન : ૨૩૨૬૦૫૮૨
મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧



**અશ્વિનકુમાર ગોવિંદલાલ પારેખ**
હેર ડ્રેસર
મો. ૯૮૨૪૫ ૩૧૮૧૮



**ક્રિશ પારેખ**
મો. ૯૪૨૮૩ ૫૧૭૭૩



**રોહન ઠાકોર**
મો. ૯૮૨૪૮ ૫૫૧૯૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તોના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# માઉન્ટ કાર્મેલ શાળાના રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ



સેક્ટર-૨૧ ખાતે કાર્યરત માઉન્ટ કાર્મેલ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા સુધી પહોંચ્યા હતા. સ્વિમિંગમાં રાજીન્દરસિંગ આનંદ, ફૂટબૉલમાં અપૂર્વ પાનીકર, થ્રો બૉલમાં રવિ બોધા, રીયા બોધા, ઍસઍજી ક્રિકેટ કુશ રાવલ ગુજરાત ક્રિકેટમાં ભવ્ય પટેલ અને આર્યદેવસિંહ વાઘેલા, સ્વિમિંગમાં ઋચિ ચૌધરી, ફૂટબૉલ પસંદગીમાં ફૂટબૉલમાં સીમરન ભાટીયા, શાયની પટેલ, ફૅન્સિંગમાં વિશ્વા દેસાઈ, હૅન્ડબૉલ પસંદગીમાં પાર્થ થોરાત, ફૅન્સિંગમાં ક્રિશ દેસાઈ તથા ફૂટબૉલમાં અમનઉલ્લાહ ખાન રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા. આ વિદ્યાર્થીઓને વ્યાયામ શિક્ષક દિપાબેન બારોટ, રાકેશભાઈ શાહ, જેરી કુંજુમોન, રવિભાઈ પરમાર તથા અભિલાષ વ્યાસે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાનાં મૅનેજમૅન્ટ, મૅનેજર સિસ્ટર વૅરોનિકા, આચાર્ય સિસ્ટર રેણુકા તથા શિક્ષકોએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના ઍનઍસઍસના ૫૦ વિદ્યાર્થીઓને બૅન્ક ઑફ બરોડા, બરોડા અકાદમી, ગાંધીનગરના વરિષ્ટ પ્રબંધક પ્રશિક્ષણના અધિકારી વિકાસ ચાવલાએ કૅશલેશ બૅન્કિંગ અંગે વિગતે માહિતી આપી હતી. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને કાર્યક્રમને અંતે આભારવિધિ કરી હતી.

## ‘ધ તમારા કાર્નિવલ’નો ૨૩મીથી આરંભ


ગાંધીનગર, તા. ૧૭

ગયા વર્ષે મહેમાનો તરફથી અદભુત પ્રતિસાદ મળ્યા પછી ‘ધ તમારા કૂર્ગ’ સૌથી આતુરતાથી વાટ જોવાતા, અનોખા સંગીત અને પરફૉર્મિંગ આર્ટસ જલસો ધ તમારા કાર્નિવલની બીજી આવૃત્તિ સાથે પાછો આવી રહ્યો છે. આ સિગ્નેચર ફેસ્ટ મહેમાનોને સંગીત અને નૃત્ય મારફત ભારતના ઉત્તમ સામાજિક અને સાંસ્કૃતિક વારસાનો પ્રવાસ કરાવે છે. આ વખતે ધ તમારા કૂર્ગ ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૬થી ૧લી જાન્યુઆરી, ૨૦૧૭ સુધી ચાલશે.

વર્ષ પૂરું થવા આવ્યું છે ત્યારે નયનરમ્ય કૂર્ગની પહાડીઓના સાંનિધ્યમાં વસેલો આ રિસોર્ટ ધ તમારા કાર્નિવલ સાથે ક્રિસમસ અને નવા વર્ષના તહેવારોમાં ખુશહાલ રણકાર કરશે. આ સુંદર ક્યુરેટ કરાયેલો ફેસ્ટિવલ, સંગીત, નૃત્ય અને પરફૉર્મિંગ આર્ટસનું સુંદર સંયોજન હશે, જે ભારતનો સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસો પ્રદર્શિત કરશે. આ ફેસ્ટિવલ મંત્રમુગ્ધ કરનાર પરફોર્મન્સ સાથે ઉજવણીની આ મોસમમાં પ્રવેશ કરશે, જે ભારતની પરંપરા અને સંસ્કૃતિની અસલ ખૂબીઓ પ્રદર્શિત કરશે.

નિસર્ગના સાંનિધ્યમાં શાંતિ વચ્ચે પણ આ રિસોર્ટ જીવજંતુઓના અવાજ, ખળખળ વહેતાં જળ અને સુસવાટા મારતા પવન સાથે સતત ધમધમતો રહે છે. ધ તમારા કાર્નિવલ આ સુંદર વાતાવરણને જીવંત કરવા સજ્જ થઈને આવી રહ્યો છે.

## આદિશ્વર કોલેજ ઓફ ટેક્નોલોજી-વિનસ ખાતે યોજાઇ “ડ્રો યોર ડ્રિમ્સ” કોમ્પીટીશન



ગાંધીનગર, તા. ૧૭

આજના યુવાનો, ખાસ કરીને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓના વિવિધ સપનાઓને રંગ અને પીંછીથી કાગળ પર ઉતારવાનો અનોખો મોકો શહેરની આદિશ્વર કોલેજ ઓફ ટેક્નોલોજીએ આપ્યો હતો. ૧૫ ડિસેમ્બરે કોલેજ કેમ્પસ ખાતે “ડ્રો યોર ડ્રીમ્સ”ની થીમ સાથે એક અનોખી ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કેમ્પસની આદિશ્વર કોલેજ ટેક્નોલોજી-વિનસ, વિનસ ઇન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન એન્ડ આર્કીટેક્ચર, વિનસ એકેડેમી ઓફ ડિઝાઇન ટેક્નોલોજી, વિનસ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફિઝીયોથેરેપી તથા અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી કોલેજના લગભગ ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રથમ ત્રણ શ્રેષ્ઠ ચિત્રાત્મક રજુઆતોને ઈનામથી નવાજવામાં આવી હતી.

આ ઈવેન્ટમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા એસીપી મંજીતા વણઝારા, શ્રી માલતિ મહેતા (એક્ષપર્ટ એન્ડ ફેકલ્ટી, ફિલ્મ પ્રોડક્શન એન્ડ મેનેજમેન્ટ), કુલદીપ તિવારી (ફોર્મર જર્નાલીસ્ટ, અમદાવાદ મીરર), આરજે ધ્રૂમિલ (રેડ એફ એમ) તથા આદી જૈન (વાઈસ ચેરમેન, વિનસ ગ્રૂપ ઓફ કોલેજીસ) ઉપસ્થિત રહ્યા હતા.

એસીપી મંજીતા વણઝારાએ પોતાના અનુભવો વિશે વધુમાં જણાવ્યું હતું કે મિત્રો કે વાલીના કહેવાથી નહિ પરંતુ પોતાનાં સપનાઓને સાંભળીને કારકીર્દી પસંદ કરવી જોઈએ.

આ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓએ તેમનાં સપના વિશે કંઈક આમ જણાવ્યું :

હરાદવાલા સાજીદ - ફર્સ્ટ પ્રાઇઝ (આર્કિટેક્ચર) : હું દુનિયાનો ફેમસ આર્કિટેક્ટ બનવા માંગુ છું. આ સપના માટે મે એક આંખ બનાવી છે જે મારું વિઝન બતાવે છે. આ સપનાને માત્ર સાકર જ નહિ કરુ પરંતુ સાથે સાથે તેને એક સફળ બિઝનેસમાં રુપાતરિત કરીશ.

પિયંવદા ગુપ્તા - સેકેન્ડ પ્રાઇઝ (ફિઝીયોથેરાપી) : હું જ મારો સુપર હીરો બનાવા માંગુ છું અને વર્લ્ડ ટુર કરી ઈન્ટરનેશલ સ્પિકર બનવામાંગુ છું. જેના માટે મેં એકથી વધુ સપના જોયા છે.

ચાંદની દામાણી - થર્ડ પ્રાઇઝ (ફાર્મસી) : હું એક ફુટબોલ પ્લેયર બની રમત-ગમત ક્ષેત્રે પણ ર્ગલ્સ પાવર બતાવવા માંગુ છું અને દેશનું નામ રોશન કરવા માંગુ છું. મારા આ સપનાને દર્શાવવા માટે મે એક ફુટબોલ પ્લેયરનું ચિત્ર બનાવ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

કોઈએ એક બુદ્ધિશાળીને પૂછ્યું,
વુમન અને મેનમાં શું ફરક ?
બુદ્ધિશાળીએ પૂછ્યું,
‘વુમન’ શબ્દને ઊંધો વાંચો
તો ‘નમવુ’ થાય
અને
‘મેન’ શબ્દને ઊંધો વાંચો
તો ‘નમે’ થાય.
આમ, જે નમે તે પુરુષ
અને જે નમાવે તે સ્ત્રી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કહાની-૨
૧.૦૦, ૭.૦૦
ડિયર જિંદગી
૪.૦૦
ધ્રુવા (તેલુગુ)
૯.૩૦

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
વજહ તુમ હો
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

## સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે સોમવારે આધાર કાર્ડ કૅમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ બી ખાતે આગામી તા. ૧૯ ડિસેમ્બર ને સોમવારે સવારે ૧૦થી સાંજના પાંચ કલાક દરમિયાન આધાર કાર્ડ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા વૉર્ડ નં. ૭નાં નગરસેવક હિરલ જોષીએ આ અંગેની માહિતી આપતાં સર્વ નાગરિકોને આ કૅમ્પનો લાભ લઈ આધાર કાર્ડ કઢાવી લેવા નિમંત્રણ પાઠવ્યું છે.

# શાળાઓની મંજૂરી અને વાલીની ગેરમાન્યતા

## વાલીઓ ખાતરી કરે : શાળાએ જે બૉર્ડની માન્યતા મેળવી છે તે બૉર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલા પાઠ્યક્રમનું પાલન શાળામાં થાય છે ? બૉર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલાં જ પાઠ્યપુસ્તકોના માધ્યમથી જ શાળા શિક્ષણ આપી રહી છે ?

સૌરાષ્ટ્રનાં રાજકોટ જેવાં શહેરોમાં એક-બે નહીં પરંતુ નામાંકિત ગણાતી ચારથી વધારે શાળાઓ દ્વારા વાલીઓને છેતરવાનું અને વિદ્યાર્થીઓની કારકિર્દીને ધૂળમાં મેળવવાનું અપરાધિક ષડયંત્ર ચાલી રહ્યું હતું. કારકિર્દીની પસંદગી માટે મહત્ત્વની ગણાતી ધોરણ-૧૨ અને ૧૦ની પરીક્ષાઓ માટે વારંવાર બદલાતા નિયમો વાલીઓને પણ ઘાંઘા કરી મૂકે છે. શાળાની પસંદગી અને તેમાં પણ પાછી ગુજરાત બૉર્ડ, સીબીઍસસી, આઈસીઍસઈ, આઈબી વગેરે બૉર્ડ, અભ્યાસક્રમની પસંદગી વાલીઓને આંધળી દોટ મૂકવા મજબૂર પણ કરે છે. સરકાર અને શિક્ષણ વિભાગ જાગૃત હશે જ એમ માનતા વાલીઓ અને વિદ્યાર્થીઓનાં મનમાં અહિત થવાની આછેરી શંકા પણ ઊઠતી નથી.

શાળાઓએ વાલીઓને છેતરીને, મંજૂરી ન મળી હોવા છતાં સીબીઍસસી અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દીધો. જ્યારે આ આખી ઘટના બહાર આવી ત્યારે સફાળા જાગેલા શિક્ષણ તંત્રએ રાજ્ય બહારના બૉર્ડની તમામ શાળાઓને માન્યતા અંગેની વિગતો શાળાના નોટિસ બૉર્ડ ઉપર મૂકવાનો પરિપત્ર કરી, સાથે કડક પગલાંની ચીમકી ઉચ્ચારી. આ સમગ્ર ઘટનાનો ભોગ બનેલા વાલીઓ, વિદ્યાર્થીઓ સિવાય આ ઘટના અંગે અન્ય કોઈ લાગતાં-વળગતાં સંગઠનો, વાલીમંડળો, શિક્ષણવિદો, માધ્યમોએ ઊંચે અવાજે વાત કરવાનો રસ દેખાડ્યો નથી જે અચરજ પમાડે છે.



શાળાઓએ માન્યતા મેળવ્યા વગર જ અભ્યાસક્રમ ચલાવ્યો ! બીજા શબ્દોમાં કહીએ તો શાળાને જે અભ્યાસક્રમ ભણાવવાની મંજૂરી મળી હોય તેનાથી જૂદું જ ભણાવ્યું. આ વાત જરા ધ્યાનથી અને ફરીથી વાંચી, વિચારી જૂઓ. બની શકે કે તમારા બાળક સાથે પણ આવું બની રહ્યું હોય, ખાસ કરીને જો તે આંશિક અનુદાનિત કે બિનઅનુદાનિત ખાનગી શાળામાં, અંગ્રેજી માધ્યમમાં ભણતું હોય. તમારું બાળક (કોઈપણ ધોરણમાં) જે શાળામાં ભણે છે તે શાળાએ કયો અભ્યાસક્રમ ભણાવવા માટે મંજૂરી મેળવી છે તે ઘણુંખરું તમે જાણતા જ હશો. શું એ શાળા એ જ અભ્યાસક્રમ તથા પાઠ્યપુસ્તકો ભણાવે છે ? એ કદાચ તમે નહીં જાણતા હો અથવા તો તમે શાળાના ભરોસે હશો.

વાલી તરીકે આ વાતની સમજ મહત્ત્વની છે. ઉદાહરણ તરીકે, તમારું બાળક શહેરની પ્રતિષ્ઠિત ગણાતી હોય તેવી શાળામાં અંગ્રેજી માધ્યમમાં ભણે છે. તે શાળાએ ગુજરાત બૉર્ડના અભ્યાસક્રમની માન્યતા મેળવેલી છે તો શું તે શાળા ગુજરાત બૉર્ડના પાઠ્યક્રમ તથા પાઠ્યપુસ્તકો જ ભણાવે છે ? શું આ શાળા ગુજરાત બૉર્ડના પાઠ્યક્રમ તથા પાઠ્યપુસ્તકોને બદલે ખાનગી પ્રકાશકોનાં મોંઘાદાટ પુસ્તકો વિદ્યાર્થીઓ અને વાલીઓને માથે મારે છે ? દળદાર, આકર્ષક, રંગબેરંગી મુદ્રણ ધરાવતા આ વજનદાર પુસ્તકો વાલી અને વિદ્યાર્થીઓની કમર તોડી નાખે છે. ગણિત-વિજ્ઞાન જ નહીં, પણ ભાષા-પર્યાવરણના વિષયો માટે પણ ખાનગી પ્રકાશકોનાં પુસ્તકો તેમજ વધારાની સ્વાધ્યાય પોથીઓ લેવડાવવામાં આવે છે. ઘણાં વાલીઓ પણ એવી માન્યતામાં રાચે છે કે ઉમદા શિક્ષણ માટે મોંઘાં, દળદાર, રૂપકડાં પુસ્તકો એ શ્રેષ્ઠ શિક્ષણ સામગ્રી છે. આ ગેરમાન્યતાનો પૂરો લાભ લઈ, આ પુસ્તકોને ઉમદા શિક્ષણ સામગ્રી તરીકે ખપાવીને વિદ્યાર્થીઓને વધુ સારું ભણતર મળી રહે તે ઉદ્દેશ્ય માટે જરૂરી હોવાનું સંચાલકો તથા શિક્ષકો જણાવે છે. તો શું શાળાએ જે બૉર્ડની માન્યતા મેળવી છે તે બૉર્ડ દ્વારા ચલાવવામાં આવતા પાઠ્યક્રમ કે પાઠ્યપુસ્તકો ઉમદા નથી ? અપૂરતાં છે ? જો શાળાએ માન્યતા ઉપરાંતનાં પાઠ્યપુસ્તકો કે સંદર્ભ સાહિત્યને સામેલ કરવું હોય તો તે પુસ્તકો સરકારમાં રજૂ કરી અને યોગ્ય માન્યતા મેળવવાની રહે છે. અને ત્યારબાદ જ તેનો સમાવેશ અભ્યાસક્રમમાં કરી શકાય છે. શું શાળાએ આવી માન્યતા મેળવી છે અને પછી જ પુસ્તકો ભણાવવામાં આવે છે ? વાલી તરીકે આ બધા જ પ્રશ્નો સમૂહચિંતન માગે છે અને દરેક વાલીએ આ સવાલોના જવાબ મેળવવા જ રહ્યા.

શિક્ષણ વિભાગે રાજ્ય બહારનાં બૉર્ડની શાળાઓની તમામ વિગતો શાળાના નોટિસ બૉર્ડ ઉપર પ્રદર્શિત કરવાનો આદેશ કર્યો છે. પરંતુ, ગુજરાત બૉર્ડની શાળાઓને તેમાંથી શા માટે બાકાત રાખી તે સમજાયું નહીં ! ગુજરાત બૉર્ડની આંશિક અનુદાનિત તથા બિન અનુદાનિત ખાનગી શાળાઓ સહિતની શાળાો, શાળા અંગેની માહિતી જણાવે તેમાં કોને વાંધો હોઈ શકે ? જો તમારું બાળક ગુજરાત બૉર્ડની શાળામાં અને ખાસ કરીને ખાનગી શાળામાં, અંગ્રેજી માધ્યમમાં ભણતું હોય તો અહીં ચર્ચેલા પ્રશ્નોના જવાબ શાળામાં પૂછવાથી મળી શકશે. જાણકારી માટે પણ શાળાને આ પ્રશ્નો પૂછવા અવશ્ય જોઈએ.

\- મનીષ દવે